## સરગાસણમાં ભાગવતકથાના બિજા દિવસે મેયર અને ડે.મેયરે કથા શ્રવણ કરી




ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સરગાસણમાં આયોજિત ભાગવત કથાના બીજા દિવસે વક્તા શ્રી સંજયભારતી બાપુની કથા દર્શન માટે ગાંધીનગર મહાનગરપાલીકાના મેયર શ્રી હિતેષભાઈ મકવાણા, ડે.મેયર પ્રેમલસિંહ ગોલ, ભાજપ અગ્રણી શ્રી રુચીરભાઈ ભટ્ટ, કોર્પોરેટરોશ્રીઓ તથા અન્ય મહાનુભાવોશ્રીઓ હાજર રહ્યા હતા. વધુમાં વાવોલ ખોડીયાર ધામના પાઘડી શેઠ મુખ્ય મહેમાન તરીકે હાજર રહી કથા શ્રવણ કરી હતી.

કથા શ્રવણ કરવા બિજા દિવસે પણ ધર્મપ્રેમી લોકો ઉમટી પડ્યા હતા.રાત્રીએ રાયસણના ભાવનાબેન પટેલે આનંદનો ગરબો કર્યો હતો જેમાં પણ મહીલાઓએ મોટી સંખ્યામાં હાજર રહી લાભ લીધો હતો.પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટે પ્રસાદ સહીત તમામ સગવડોનુ સુંદર આયોજન દાતાઓના ઉમદા દાનથી કર્યું છે. સરગાસણ ટીપી-૯ના અસ્તિત્વ પછી આ વિસ્તારમાં આ પ્રથમ ધાર્મિક પ્રસંગનું આયોજન થયું હોવાથી લોકોમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# કુડાસણના ખેડૂતના દસ્તાવેજોનો દૂરઉપયોગ કરી બેન્ક એકાઉન્ટ ખોલવાના ષડયંત્ર મામલે ફરિયાદ

ગાંધીનગર, તા.૧

કુડાસણ ગામના ખેડુતની જમીનના ખોટા દસ્તાવેજ ઉભા કરવાના ઈરાદાથી ખેડુતના આધારકાર્ડ અને ચુંટણી કાર્ડમાં ખેડુતના ફોટાના સ્થાને ત્રાહીત વ્યકિતનો ફોટો લગાવી બેન્કમાં એકાઉન્ટ ખોલવાનું ષડયંત્ર સામે આવ્યું છે. ખેડુતના આધારકાર્ડ અને ઈલેકશન કાર્ડમાં માત્ર નંબર જ સાચો હતો, જયારે ફોટો અને સહી ખોટી હોવાનું બેંકને ધ્યાને આવતા ખેડુતને બોલાવ્યા હતા. ત્યારબાદ આ સમગ્ર કૌંભાડનો પર્દાફાશ થયો છે. જેને પગલે કુડાસણના ખેડુતે ચાર શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર કુડાસણ કપુરીવાસ ખાતે રહેતા ગાભાજી ગલાજી ઠાકોરની કુડાસણમાં પિતરાઈ ભાઈઓ સાથેથી સહીયારી ચાર વીઘા જમીન આવેલી છે. ચાર વર્ષ અગાઉ ગાભાજીએ કુડાસણ શુકન સિલ્વરમાં આવેલી કડી નાગરીક બેંકમાંથી પાંચ લાખની કાર લોન લીધી હતી.જેથી બેંકના કર્મચારીઓ તેમને સારી રીતે ઓળખે છે. ગાભાજી ખેતરમાં હતા તે સમયે બેંક કર્મચારીનો ફોન આવ્યો હતો અને જણાવ્યું કે તમારા નામની બીજી કોઈ વ્યકિત કુડાસણ ગામે રહે છે. જેથી ગાભાજીએ ના પાડતા બેંકના કર્મચારીઓએ તાત્કાલીક તેઓને બેંક પર આવવા માટે કહ્યું હતું. બેંક પર જતા ગાભાજીને જાણ થઈ કે તેમના આધાર કાર્ડ અને ઈલેકશન કાર્ડમાં ફોટો અને સહી બીજા કોઈ વ્યકિતની છે. જેને પગલે કોઈ શખ્સે બેંકમાં એકાઉન્ટ ખોલવા માટેની કામગીરી કરી હતી.જેથી બેંકના કર્મચારીએ એકાઉન્ટ ખોલવા માટે વારંવાર ફોન કરનાર શખ્સને બેંક પર બોલાવી લીધા હતા અને પોલીસને પણ જાણ કરી હતી.

પોલીસે શખ્સની કડકાઈથી પુછપરછ કરતા તેણે પોતાનુ નામ દિપેશ સુરેશ પટેલ (રહે.૯ રત્નદિપ બંગ્લોઝ થલતેજ) હોવાની કબુલાત કરી હતી. જયારે મુળ ઉવારસદનો હાલ અડાલજ દેવાનંદન સોસાયટી ખાતે રહેતા હર્ષદ ઉર્ફે લાલાભાઈ પારેખના કહેવાથી આમિર રામસિંહ ચાવડા બાઈક પર બેસાડી અહી મોકલી આપ્યા હતા.

જયારે રણછોડ પ્રહલાદ પ્રજાપતિ (૭.૧૮૧ પંચાયત સામે અડાલજ ) પણ સંડોવાયેલ છે. જેને પગલે ૧૫૦૦ રૂપીયા હર્ષદના કહેવાથી આપવામાં આવ્યા હતા. જયારે ખેડુત ગાભાજી ઠાકોરના નામે આધારકાર્ડ અને ચુંટણી કાર્ડ સરકારની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી ખોટા પુરાવા ઉભા કરી સરકાર સાથે પણ વિશ્વાસઘાત તેમજ છેતરપિંડી આચરી છે. આધારકાર્ડ અને ચુંટણીકાર્ડના ખોટા પુરાવા રજુ કરી જમીન પચાવી પાડવાના કૌંભાડનો પર્દાફાશ થયો છે. બનાવ અંગે ખેડુતે ચાર વ્યકિત સામે ફરીયાદ નોંધાતવા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- બે વર્ષ બાદ પ્રથમવાર મેળાના આયોજનો થયા હોવાથી શિવમંદિરોમાં ભક્તિનું ઘોડાપુર જોવા મળ્યું હતું અને સોશ્યલ ડિસ્ટન્સીંગ જોવા મળ્યું ન હતું.
- ગાંધીનગર સમાચારના કોલમીસ્ટ નટવર હેડાઉ 'વનવિહારી'નું આજે દુ:ખદ અવસાન થયું છે.
- વિધાનસભાના સત્રને લઈ આજે સામાન્ય વહીવટ વિભાગ નાણાં વિભાગ સહિત ઘણા વિભાગોની કચેરીઓ કાર્યરત હતી.
- કોલવડાની પટેલ ભાગોળે આવેલ મુક્તિધામમાં આજે શિવરાત્રિ પર્વે યજ્ઞ, ભજન-કિર્તન અને ભક્તુ સંધ્યાનું આયોજન યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.
- ગાંધીનગર શહેરમાં ૦ થી ૫ વર્ષની આયુના ૫૮,૨૪૬ બાળકોને પલ્સ પોલીયો અભિયાનમાં આવરી લેવામાં આવ્યા હતા.
- સેક્ટર-૩૦ની પ્રાથમિક શાળામાં પર્યાવરણ બચાવો અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.
- ગાંધીનગર સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજમાં વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ હતી.
- રાજ્યમાં મહેસુલ વિભાગે ૨૫ મામલતદાર સ્વર્ગના અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે.
- ચિલોડા પ્રાથમિક શાળા ખાતે વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ગાંધીનગર શહેરમાં પાનખર ઋતુને લઈ કચરાનો ભરાવો જાહેર માર્ગો પર તેમજ સેક્ટરોના આંતરિક માર્ગો પર થયો છે.
- રંગમંચોની સફાઈ પણ યોગ્ય રીતે નહિ થતી હોવાની તેમજ જાળવણી - નિભાવણીમાં પણ બેદરકારી જોવા મળી રહી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- ૬૮ દિવસથી આંદોલન કરી રહેલા મનપાના સફાઈ કામદારો અને ધારાસભ્યોને આજે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોર પારણા કરાવશે.

## ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા શ્રીરવિશંકર મહારાજ ની પ્રતિમાને પુષ્પાંજલિ



ગાંધીનગર

પ્રતિ વર્ષે શ્રી રવિશંકર મહારાજ ની જન્મતિથિ (મહા શિવરાત્રી )ના પવિત્ર દિને ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા ઉજવવામાં આવે છે. આ પરંપરાને જાળવી રાખી

અરુણભાઈ બુચ, કવિ કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, ભાનુભાઈ દવે, પ્રદીપ સોલંકી, સેક્ટર-૭ વસાહત મંડળનાં પ્રમુખ જશવંત ગાંધી તથા તેમની ટીમ દ્વારા ઘ ૫ સર્કલે સ્થાપિત પૂજય રવિશંકર મહારાજની પ્રતિમાને





મહાશિવરાત્રી પર્વ નિમિત્તે સેકટર-૮માં ત્રયંબકેશ્વર મહાદેવ મંદિરમાં સુંદર સજાવટ કરવામાં આવી હતી. જેમાં ગુલાબના ફૂલો થી ૐ તૈયાર કર્યો હતો. બે વર્ષ બાદ શહેરીજનોએ ખૂબ ઉત્સાહ પૂર્વક મહાશિવરાત્રીની ઉજવણી કરી હતી. આ ઉપરાંત મહાયજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.



તાજેતરમાં યોજાયેલ ઈન્ટર ક્લાસ ટેક્વોન્ડો પૂમસે ઈવેન્ટમાં વિશેષ હાજર રહેવા બદલ અને દરેક સહભાગી વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવા બદલ ગાંધીનગરનાં ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલને ગાંધીનગર ટેક્વોન્ડો એસો. સંસ્થાનાં ડિરેક્ટર જતીન દવે અને ઈવેન્ટ કો-ઓર્ડિનેટર મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આભાર વ્યક્ત કરતો પત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર સમાચારના કટાર લેખક

# શહેરના જાણીતા સાહિત્યસર્જક નટવર હેડાઉ 'વનવિહારી'નું દુ:ખદ અવસાન

### સાહિત્ય સભાના પૂર્વ અધ્યક્ષ અને નિવૃત વન અધિકારી સ્વ.નટવર હેડાઉને તાજેતરમાં સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક પ્રાપ્ત થયું હતું

ગાંધીનગર, તા.૧

જાણીતા સાહિત્યસર્જક, ગાંધીનગર સમાચારના વરિષ્ઠ કટાર લેખક અને નિવૃત વન અધિકારી નટવર હેડાઉ 'વનવિહારી'નું આજે બપોરે ૬૬ વર્ષની વયે આકસ્મિક દેહાંત થયું હતું. સદગતની અંતિમયાત્રા તેમના વાવોલની હરિનગર સોસાયટી ખાતેના નિવાસસ્થાનેથી સાંજે ૭ કલાકે સરગાસણના રૂદ્રભૂમિ સ્મશાન ખાતે જવા નિકળીહતી જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરાયાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ તેમને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવ્યાં હતા.



પ્રકૃત્તિપ્રેમી હોવા સાથે સ્વભાવે સહજ અને સરળ વ્યક્તિત્વ ધરાવતા બાળસાહિત્યકાર, કવિ લેખક, વિવેચક અને પત્રકાર એવા સ્વ.નટવર હેડાઉ બી.એ. એમ એ.ની ડિગ્રી ધરાવતા હતા અને ગાંધીનગર ખાતે વન વિભાગમાં સેવા આપીને વર્ષ ૨૦૧૪માં નિવૃત થયા હતા. સ્વ. નટવર હેડાઉનું સાહિત્યના વિવિધ સ્વરૂપોમાં તેમનું યોગદાન રહ્યું છે જેમાં ટૂંકી વાર્તા, નિબંધ, નાટક, પ્રવાસ, અનુવાદ, વન કથાઓ, અવલોકન ગ્રંથ, બાળસાહિત્ય, પર્યાવરણ અંગેના લેખો વગેરેનો સમાવેશ થાય છે. તેમનો જન્મ રાજકોટમાં થયો હતો પરંતુ તેમનું મૂળ વતન બનાસકાંઠાનું શિહોરી હતું. સ્વ. નટવર હેડાઉ સાહિત્ય લેખન સાથે તેઓ વિવિધ સાહિત્યિક સંસ્થાઓ સાથે પણ જોડાયેલા છે. 'ગુજરાત સાહિત્ય સંગમ'ના અધ્યક્ષ તરીકે, 'ગાંધીનગર સાહિત્ય સભા' પૂર્વ પ્રમુખ તરીકે, 'ગુજરાતી લેખક મંડળ'-અમદાવાદ ઉપપ્રમુખ તરીકે, ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ ગાંધીનગર દ્વારા પ્રકાશિત 'બાલસૃષ્ટિ' માં કૃતિ પસંદગીના સંપાદક તરીકે સેવાઓ આપી ચુક્યાં છે. તેમની 'ડુંગરને નવરાવ્યો' કથા ધોરણ સાતના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં સમાવેશ થયો હતો અને તેઓ દૂરદર્શન અને આકાશવાણીના માન્ય લેખક હતા. તેમણે ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર બાળસાહિત્યના પરામર્શક તરીકે, જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગરમાં કાવ્ય, નિબંધ, વાર્તા લેખન વગેરેમાં નિર્ણાયક અને પરામર્શક તરીકે સેવાઓ આપી હતી. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે પ્રકૃતિ પ્રેમી અને વન અધિકારી નટવર હેડાઉનો જન્મ વિશ્વ પર્યાવરણ દિવસ એટલે કે ૫મી જુન ૧૯૫૫ના રોજ થયો હતો. તેમના આકસ્મિક નિધનથી ગુજરાતના સાહિત્યિક જગતને ખૂબ મોટી ખોટ પડી છે અને ગાંધીનગર સાહિત્ય વર્તુળમાં શોકની કાલિમા પ્રસરવા પામી છે.



મહાશિવરાત્રીના પર્વે ચિલોડા ખાતે આવેલા નિલકંઠ મહાદેવને વિવિધ શણગારથી સજાવવામાં આવ્યા હતા. આ પર્વે ચિલોડા પંથના ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## લાખણી તાલુકા કક્ષાની પુસ્તક વાચક સ્પર્ધામાં લવાણાની દીકરી અવનીબેન સોલંકી પ્રથમ સ્થાને

શાળા કક્ષાએ બાળકોમાં સાહિત્ય અને વાંચન પ્રત્યે અભિરુચિ કેળવાય, તેઓ ભાષા અભિવ્યક્તિ સાધી શકે તેમજ પુસ્તક પ્રત્યે જાગૃતિ કેળવે તેવા અભિગમથી આયોજિત પુસ્તક વાચક સ્પર્ધાનું તાલુકા કક્ષાએ ઓનલાઈન માધ્યમથી ધોરણ :-૩ થી ૯ અને ૧૧ના ઝ.ઈ.ઝ. કક્ષાએ પ્રથમ આવેલ વિદ્યાર્થીઓ માટે સોમવારે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં લોકનિકેતન રતનપુર સંચાલિત લોકનિકેતન વિનયમંદિર લવાણા શાળામાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતી શાળાની દીકરી સોલંકી અવનીબેન માનસુંગભાઈએ લાખણી તાલુકા કક્ષાની પુસ્તક વાચક સ્પર્ધામાં ધોરણ-૧૧ વિભાગમાં તાલુકામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું તે બદલ શાળાના માર્ગદર્શક શિક્ષક મનોજભાઈ ચોખાવાલા અને આચાર્ય ડી.બી. સોઢા એ આ દીકરીને અભિનંદન પાઠવ્યા હતા તેમજ જિલ્લા કક્ષાએ પણ શ્રેષ્ઠ પ્રદર્શન કરે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

# ગાંધીનગર ખાતે જન ઔષધિ સપ્તાહની ઉજવણીનો પ્રારંભ

### સે.૨૪ ચાર રસ્તા ગ-૬ સર્કલે સેલ્ફિ ફોટો કોર્નર બનાવાયો : બેસ્ટ સેલ્ફિ ક્લિક કરનારા પ્રથમ ત્રણ વિજેતાને ગિફ્ટ મળશે

ગાંધીનગર, તા.૧

દર વર્ષે માર્ચ મહિનામાં તારીખ ૦૧ થી ૦૭ દરમિયાન ''પ્રધાનમંત્રી જનઔષધિ દિવસ'' અંતર્ગત જન ઔષધિ સપ્તાહ ઉજવવામાં આવે છે જે અંતર્ગત આ વખતે દરેક વય ના તમામ નાગરિકો માટે સેલ્ફિ કોમ્પિટીશન યોજવામાં આવી છે. ગાંધીનગર સેકટર-૨૪ તથા સેકટર-૨૯ ખાતે કાર્યરત પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોર્સ દ્વારા સે.૨૪ ચાર રસ્તા ગ-૬ સર્કલે એક સેલ્ફિ ફોટો કોર્નર બનાવાયો છે જ્યાં અનેક નાગરિકોએ આજે સેલ્ફિ ક્લિક કરી હતી.




જન ઔષધિ સપ્તાહ અંતર્ગત ગાંધીનગર ખાતે સેક્ટર-૨૪ અને સેક્ટર-૨૯ સ્થિત જનઔષધી મેડિકલ સ્ટોર્સના સંચાલિકા ફોરમ ગજ્જરે જણાવ્યું હતું કે 'સેલ્ફિ ફોટો કોર્નર પાસે દરેક વ્યક્તિ જે સેલ્ફિના શોખીન છે તેઓ પોતાનો સેલ્ફિ ફોટો ક્લિક કરીને તેને મોબાઈલ સંપર્ક નંબર ૯૭૧૨૫ ૬૩૦૧૦ પર વોટ્સએપ કે અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા મોકલી આપી શકશે. અમને પ્રાપ્ત થયેલ સેલ્ફિ ફોટો પૈકી પ્રથમ ત્રણ બેસ્ટ સેલ્ફિ ફોટો વિજેતાને જન ઔષધિ કેન્દ્રની ગિફ્ટ પ્રોડક્ટ આપવામાં આવશે. આ સ્પર્ધા તા.૭મી માર્ચ સુધી ચાલુ છે. આ ઉપરાંત તા. ૭ માર્ચે 'જન ઔષધિ દિવસ' નિમિત્તે દર વર્ષે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જન ઔષધિ દવા સ્ટોરના સંચાલકો સાથે સીધો સંવાદ કરે છે તે પ્રસંગે અમારા સ્ટોર પર ઉપસ્થિત રહેવા દરેકને જાહેર આમંત્રણ પણ છે'. અત્રે ઉલ્લેખનીય છે કે નાગરિકોને ગુણવત્તાયુક્ત દવાઓ બજારમાં મળતી દવાઓ કરતાં આશરે ૫૦થી ૯૦ ટકા વાજબી ભાવે ઉપલબ્ધ કરાવવામાં જન ઔષધિ કેન્દ્રોનું મોટું યોગદાન છે.

## મોડીરાત્રે ૨૫ મામલતદારોની સાગમટે બદલી

ગાંધીનગર, તા.૧

રાજયનાં ૨૫ મામલતદારોની સાગમટે બદલી કરવામાં આવી છે. રાજ્યનાં ડેપ્યુટી સેક્રેટરી અમિત ઉપાધ્યાય દ્વારા મામલતદારોની આ બદલીના હુકમો કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ જિલ્લાનાં પડધરી મામલતદાર તરીકે ફરજ બજાવતાં બી.એન. વીરોજાને અમદાવાદ સ્પીપામાં મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે પેટલાદના મામલતદાર એમ.વી. રાઠોડને રાજકોટ શહેરની દક્ષિણ મામલતદાર કચેરીમાં મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે.

આ ઉપરાંત અમરેલીના ખાંભાના મામલતદાર આર.બી. બારીયાની પબ્લીક રિલેશન ઓફીસર તરીકે આણંદ કલેક્ટર કચેરીમાં મુકવામાં આવ્યા છે. લીલિયાના મામલતદાર બી.એમ. પટેલને વડોદરા સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીમાં મામલતદાર તરીકે નિયુક્ત કરાયી છે. અમરેલી કલેક્ટર કચેરીમાં ચિટનીશ તરીકે ફરજ બજાવતા ડી.કે. જગડને જામનગર કલેક્ટર કચેરીમાં મામલતદાર તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે આણંદનાં મામલતદાર કે.એમ. રાઠોડને અમરેલી કલેક્ટર કચેરીમાં, ભરુચના હણસોટના મામલતદાર એફ.બી. વસાવાને ધરમપુર-વલસાડ, ભરુચના મામલતદાર આર.સી. ચૌહાણને નડીયાદ મામલતદાર તરીકે તેમજ દેવભૂમિ દ્વારકાનાં કલેક્ટર ઓફીસમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા એમ.બી. દેસાઈની વડોદરા સીટી ઈસ્ટ કચેરીનાં મામલતદાર તરીકે બદલી કરવામાં આવી છે.



ગાંધીનગરના જાણીતા લોકલાડીલા ગઝલકાર કવિ કિશોરભાઈ જીકાદરાનો તૃતીય ગઝલ સંગ્રહ 'હૈયાસરસી' ના લોકાર્પણનો કાર્યક્રમ તાજેતરમાં પ્રબુદ્ધ આમંત્રિત મહેમાનોની હાજરીમાં દમદાર રીતે યોજાયો હતો. આ પ્રસંગે શહેરના જાણીતા યોગ અને પ્રાકૃતિક ચિકિત્સક, જેઓ સારા ગાયક પણ છે એવા પારુલબેન મહેતાએ એમના મધુર કંઠે કાર્યક્રમની શરૂઆતમાં શાસ્ત્રીય રાગ 'બહાર' આધારિત 'સરસ્વતી વંદના' 'જયતિ જય જય માં સરસ્વતી' ગાઈને સૌ શ્રોતાઓને ધ્યાનસ્થ કરી દીધા હતા જ્યારે મોહીતભાઈ સૂરાનીએ તબલાવાદન અને હાર્દિકભાઈ ભટ્ટ એ હાર્મોનિયમની સંગત આપી વાતાવરણને રાગ તરબોળ બનાવી દીધું હતું.




ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની કાવ્યગાન સ્પર્ધામાં કલોલ પ્રાથમિક શાળા નંબર-૯ની વિદ્યાર્થીની રાધા શાહે ભાગ લઈ ઉત્તમ પર્ફોમન્સ આપી શાળા અને ક્લસ્ટરનું ગૌરવ વધાર્યું છે. શરૂઆતથી જ આ વિદ્યાર્થિનીની ટેલેન્ટને દીપિકાબેને ઓળખી, માર્ગદર્શન આપવાનું કામ કર્યું હતું. આ નિમિતે શાળાના આચાર્ય પ્રીતિબેન ગાંધી અને ક્લસ્ટર કો.ઓર્ડીનેટર યોગેશભાઈએ રાધાને અભિનંદન આપી તેનું સન્માન કર્યું હતું.



હર હર મહાદેવ... મહાશિવરાત્રી પર્વે આખો દિવસ હર હર મહાદેવનો નાદ ગુંજતો રહ્યો હતો. શિવાલયોમાં ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. વહેલી સવારથી મોડી સાંજ સુધી શિવાલયોમાં શિવપૂજા થઈ હતી. મંદિરોની બહાર ભાંગના પ્રસાદને ગ્રહણ કરતા ભાવિકો નજરે ચઢયા હતા. મહાશિવરાત્રીના ભાવમય માહોલનો રંગ બાળકો પર ચઢયો હતો. બાળકો શિવજીનો વેશ ધારણ કરેલા નજરે ચઢતા હતા.



પંચેશ્વર મંદિર, રાયસણમાં ચાર પ્રહરની પૂજા સાથે શિવરાત્રી મહાપર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. દિવસ દરમિયાન હજારો ભાવિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.